# વિદ્યાર્થી સહાય પુસ્તિકા (Student Support Manual)

## 1. વિદ્યાર્થી સહાય વ્યવસ્થા

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠયક્રમના અભ્યાસમાં ઉદ્ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલા અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય સેવાઓ અંતર્ગત સંબંધિત પ્રાદેશિક વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## 2. શૈક્ષણિક સત્ર

2.1 યુનિવર્સિટીના શૈક્ષણિક સત્રોની વ્યવસ્થા નીચે પ્રમાણે છે :

- જાન્યુઆરી થી જૂન
- જુલાઈ થી ડિસેમ્બર
  - ➢ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત ચાલતા અભ્યાસક્રમોની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/programmes-offered મુજબ છે.
  - ➢ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત ચાલતા અભ્યાસકેન્દ્રોની વિગતો યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/learner-support-centers મુજબ છે.

**2.2 એકસાથે એકથી વધુ અભ્યાસક્રમમાં પ્રવેશ :**

- ➢ કોઈપણ પ્રવેશાર્થી (1) એકસાથે બે ડિગ્રી કે પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ માટે એક જ સત્રમાં નોંધણી કરાવી શકશે નહિ, પરંતુ (2) એક ડિગ્રી અને એક ડિપ્લોમા અથવા એક સર્ટીફિકેટ પાઠયક્રમ (3) એક ડિપ્લોમા અને એક સર્ટીફિકેટ અભ્યાસક્રમ માટે નોંધણી કરાવી શકશે. (4) બે ડિપ્લોમા અથવા બે સર્ટીફિકેટ અભ્યાસક્રમ માટે નોંધણી કરાવી શકશે.
- ➢ ઉદા. તરીકે (2) મુજબ, ડિગ્રી અભ્યાસક્રમ (B.A., B.Com., M.A.)ની સાથે ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL/DACA/DFM) અથવા સર્ટિફિકેટ અભ્યાસક્રમ (CYS/CCC-BAOU/CIN)માંથી કોઈ એક અભ્યાસક્રમમાં એકસાથે પ્રવેશ લઈ શકાશે.
- ➢ ઉદા. તરીકે (3) મુજબ, ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL/DACA/DFM)માંથી કોઈ એક અભ્યાસક્રમની સાથે સર્ટિફિકેટ અભ્યાસક્રમ (CYS/CCC-BAOU/CIN) કોઈ એક અભ્યાસક્રમ એકસાથે પ્રવેશ લઈ શકાશે.

- ઉદા. તરીકે (4) મુજબ, ડિપ્લોમા અભ્યાસક્રમ (DSL/DACA/DFM)માંથી કોઈ એક અભ્યાસક્રમની સાથે બીજા કોઈ એક ડિપ્લોમા અભ્યાસક્રમમાં એકસાથે પ્રવેશ લઈ શકાશે.
- ઉદા. તરીકે (4) મુજબ, સર્ટિફિકેટ અભ્યાસક્રમ (CYS/CCC-BAOU/CIN)માંથી કોઈ એક અભ્યાસક્રમની સાથે બીજા કોઈ એક સર્ટિફિકેટ અભ્યાસક્રમમાં એકસાથે પ્રવેશ લઈ શકાશે.
- આ પ્રકારના વિદ્યાર્થીઓ માટે પાઠ્યક્રમોની પરીક્ષાઓની તારીખો એક જ આવતી હશે તો યુનિવર્સિટી પરીક્ષા લેવા માટે જવાબદાર રહેશે નહિ.

## 3. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ લેવા માટેની માહિતી


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/apply-online થી ઓનલાઈન એડમીશન મેળવવાની સુવિધા પ્રાપ્ત છે. જે માટે નીચે મુજબના સ્ટેપ અનુસરવાના રહેશે.

### Online Admission Form ભરવા અંગે અગત્યની સૂચનાઓ





**Step-01:** Online Admissionના Tool માં Instruction, Course Available, Study Centre, Registration અને Sign in જેવા વિવિધ વિકલ્પ આપેલ છે. જેમાંથી Instruction, Course અને Study Centre ની વિગત પ્રવેશાર્થીએ સૌ પ્રથમ જોઇ લેવી. સૂચનાઓને બરાબર સમજ્યા પછી આગળ વધવું.

**Step-02:** સૌપ્રથમ વિદ્યાર્થીએ E-Pin મેનુમાં જઈ E-Pin મેળવવાની પ્રક્રિયા કરવાની રહેશે.





**Step-03:** Online Admission માટે પ્રવેશાર્થીએ ‘Registration’ પર ક્લીક કરવાનું રહેશે. જેમાં નામ, કોર્સ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ, જન્મતારીખ, ઉંમર, આધારકાર્ડ નંબર, જાતિ (Gender)ની વિગતો ભરવી. વિષય પસંદગી માટે specialization-01 અને specialization-02 માં વેબસાઈટ પર મૂકવામાં આવેલ માહિતી-પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ મુખ્ય વિષય તરીકે કોઈ એક વિષય અને ગૌણ વિષય તરીકે કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે. ત્યારબાદ આપે મેળવેલ યુઝર નેઇમ અને પાસવર્ડથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

**ધ્યાનમાં રાખો:** પ્રવેશાર્થીનું નામ માર્કશીટમાં દર્શાવેલ નામથી અલગ હોય, તો તેના માટે નામ બદલ્યા અંગેની ગેઝેટની કોપી અથવા લગ્ન પ્રમાણપત્ર બીડવું જરૂરી છે, જે સ્કેન કરી અપલોડ કરવાની રહેશે.




**Step-04:** રજીસ્ટ્રેશન કર્યા બાદ આપેલ મેનુમાં 'Sign-in' પર ક્લીક કરી યુઝર નેઇમ અને પાસવર્ડ એન્ટર કરવાનો રહેશે.




**Step-05:** પ્રવેશાર્થીએ 'Pay Fees' પર ક્લીક કરવાનું રહેશે.

- e-Challanની સુવિધાથી Challan ડાઉનલોડ કરી HDFC બેંકમાં ફી ભરી Challanની વિગતો (Reference Number, ફીની ફી રકમ અને ભર્યાની તારીખ) ફોર્મમાં એન્ટર કરવાની રહેશે.
- Payment gatewayની સુવિધાથી (debit card/credit card/net banking)વિકલ્પથી ફી ભરવાની રહેશે.




**Step-06:** પ્રવેશાર્થીએ Form Entry' પર ક્લીક કરી નીચે જણાવેલ સ્ટેપ મુજબ વિગતો ભરવાની રહેશે.

- વિદ્યાર્થીએ સ્ટડી સેન્ટર સિલેક્ટ કરવાનું રહેશે.

- વિદ્યાર્થીએ પોતાનું પૂરું નામ(ધો.૧૦ અથવા ૧૨ અથવા છેલ્લે પાસ કરેલ માર્કશીટ મુજબ નામ) અને સરનામું (ઘર નંબર, સોસાયટી/મહોલ્લો/એરિયા, શહેર, જિલ્લો, પિન કોડ અને મોબાઈલ નંબર) વગેરે વિગત ફરજિયાત ભરવાની રહેશે.
- વિદ્યાર્થીએ પોતાની Personal Details(વ્યક્તિગત માહિતી)માં Birthdate, Age, Religion, Blind, Handicap, Sex, Professional, Income વગેરે વિગત ભરવાની રહેશે.
- વિદ્યાર્થીને Payment અંગેનો આપેલ વિકલ્પ સિલેક્ટ કરી તેની વિગત (Reference Number, ફીની રકમ અને ફી ભર્યાની તારીખ) ભરવાની રહેશે.
- વિદ્યાર્થીએ ધ્યાનપૂર્વક વિષયો સિલેક્ટ કરવાના રહેશે.
- તમામ માહિતી ભર્યા બાદ વિદ્યાર્થીએ Save બટન પર ક્લિક કરવાનું રહેશે.


OnlineAdmission

Welcome HITESH

Pay Fees (Step-1) | Print Fee Reciept (Step-2) | Form Entry (Step-3) | Document Uploads (Step-4) | Print e-Form (Step-5) | SignOut

Registration

Form No. 201
Program Name B.A.-BACHELOR OF ARTS
Study Code 0121-Shri H.K. Arts College, Ashram Road, Ahmedabad-380009.
Specialization1 B.A. (Gujarati)
Specialization2 B.A. (Hindi)

Student Details

Student Name PATEL HITESH RMESHBHAI
Address ********** **********
City ***
District ***
PINCODE ******
Phone /whatsapp No. ***********
Mobile ***********
E-Mail
Adhar No. *******************
NAD ID ***************** NAD REGISTRATION

Personal Details

Birth Date 20/01/2000 (Format : DD/MM/YYYY) Category 07 (General)
Age 21 Special Learner 01-None
Religion 01 (Hindu) Blind 02 (No)
Handicapped 02 (No) Sex 02 (Male)
Profession 02 (Pvt.) Residential Area 02 (Urban)
Nationality 01 (Indian) Income 01 (Less than 2 lacs)

Educational Qualification

Qualification HSC Board/University GSEB
Year 0000 Seat No. 0009750 Percentage(%) 52

Subjects Selection For Selected Course

Compulsory Paper-1 GUJ-COM-101 Compulsory Paper-2 HNDCOM-01
Main Paper-1 GUJM-101 Main Paper-2 GUJM-102
Subsidiary Paper-1 HNDS-01 Subsidiary Paper-2 HNDS-02
Compalsory Paper-3 ENVCOM-01 Paper-8
Paper-9 Paper-10
Paper-11 Paper-12

Payment Details

e-Challan / Payment Gateway / Jail / ICDS

Reciept No.: 234568
Date : 04-01-2022 (Format : DD/MM/YYYY)
Course fees : 1800 (Only digits without bank charges.)

Update Reset

Step-07: પ્રવેશાર્થીએ નીચે મુજબના ઓરીજીનલ ડોક્યુમેન્ટ સ્કેન કરવાના રહેશે.

| ક્રમ | સ્કેન કરવાના ડોક્યુમેન્ટની વિગત |
|---|---|
| 1. | પ્રવેશાર્થીનો ફોટો (પાસપોર્ટ સાઇઝ) |
| 2. | પ્રવેશાર્થીની સહી |
| 3. | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.) |
| 4. | માર્કશીટ (કોર્સની લાયકાત મુજબની) |
| 5. | કાસ્ટ સર્ટિફિકેટ (SC/ST પ્રવેશાર્થીઓ માટે) |
| 6. | ફીની રીસીપ્ટ |
| 7. | લગ્ન પ્રમાણપત્ર અથવા ગેજેટની કોપી |

પ્રવેશાર્થીએ Online Admissionના મેનુમાં ડોક્યુમેન્ટ અપલોડમાં જઇ સ્કેન કરેલ ઉપરોક્ત ડોક્યુમેન્ટ ફોટો, સહી, માર્કશીટ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, કાસ્ટ સર્ટિફિકેટ, ફીની રીસીપ્ટ) અપલોડ કરવાના રહેશે.


OnlineAdmission
Welcome HITESH
Pay Fees (Step-1) | Print Fee Reciept (Step-2) | Form Entry (Step-3) | Document Uploads (Step-4) | Print e-Form (Step-5) | SignOut

Upload Documents

Note : અપલોડ કરવાના ડોક્યુમેન્ટ .jpg અથવા .jpeg ફોરમેટ માં હોવા જોઈએ.

* Photograph : Choose File No file chosen — Image size: 18kb to 20kb
*Signature : Choose File No file chosen — Image size: 18kb to 20kb
Leaving Certificate : Choose File No file chosen — Image size: 100kb to 150kb
*Marksheet : Choose File No file chosen — Image size: 100kb to 150kb
* Course Fee Recipt: : Choose File No file chosen — Image size: 100kb to 150kb
**Caste Certificate : Choose File No file chosen — Image size: 100kb to 150kb
Copy of Govet.Gazette / Marriage Certificate.: Choose File No file chosen — Image size: 100kb to 150kb

Upload Reset

Note :
* Compulsory Upload Documents
** Compulsory Upload Documents For Category Students Only(SC/ST)
*** Resize Image click Here

**Step-08:** ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ પ્રવેશાર્થીને સ્ક્રીન પર પોતાના ભરેલ ફોર્મની વિગત જોવા મળશે. જો તેમાં સુધારો કે ક્ષતિ જણાય તો નીચે આપેલ 'Edit Option' પર ક્લીક કરી સુધારો કરવાનો રહેશે તેમજ જો ક્ષતિ ન જણાય તો 'Final Admission Submission' પર ક્લીક કરવાનું રહેશે. જે કરવાથી પ્રવેશાર્થીનું e-Admission Form PDFમાં જનરેટ થશે. જેને પ્રિન્ટ કરી પ્રવેશાર્થીએ નીચે મુજબના ડોક્યુમેન્ટ અટેચ કરી પસંદ કરેલ સ્ટડી સેન્ટર પર આપેલ સમય મર્યાદામાં જમા કરાવવાનું રહેશે.

નોંધ : ફાઈનલ સબમીશન કરવું ફરજિયાત છે, તેમ નહિ કરવાથી આપનું ફોર્મ અધૂરું રહેશે, જે માન્ય રાખવામાં આવશે નહિ.

| ક્રમ | સ્ટડી સેન્ટર પર જમા કરવાના ડોક્યુમેન્ટની વિગત |
|---|---|
| 1. | e-Admission Form |
| 2. | શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (L.C.) |
| 3. | માર્કશીટ (કોર્સની લાયકાત મુજબની) |
| 4. | કાસ્ટ સર્ટિફિકેટ (SC/ST પ્રવેશાર્થીઓ માટે) |
| 5. | ફીની રીસીપ્ટ |
| 6. | લગ્ન પ્રમાણપત્ર અથવા ગેજેટની કોપી |

Pay Fees (Step-1) | Print Fee Reciept (Step-2) | Form Entry (Step-3) | Document Uploads (Step-4) | Print e-Form (Step-5) | SignOut

## Admission Status

| Student Details | | | | |
|---|---|---|---|---|
| Form No. | 2 | Academic Year | FY | |
| Course | B.A. | Birth Date | 26/12/1994 | |
| Name | JADAV PRAVIN K | Study Code | 1308 | |
| Address | AHMEDABAD<br>AMEDABAD<br>DGDFG | Study Name | SHRI MAHARSHI DAYANAD SARASWATI KELVANI MANDAL, STATION ROAD, AT. TA. VISNAGAR, DIST. MAHESANA-384315. | |
| Pin Code | 1345545 | Category | 02 (ST) | |
| Mobile | 9099482194 | Gender | 02 (MALE) | |

| Subject Details | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Subject-1 | Subject-2 | Subject-3 | Subject-4 | Subject-5 | Subject-6 | Subject-7 | Subject-8 | Subject-9 | Subject-10 |
| GUJ-COM-101 | SKT-COM-101 | HNDM-01 | HNDM-02 | ECOS-101 | ECOS-102 | ENVCOM-01 | | | |

| Fees Details | | | |
|---|---|---|---|
| Student Fees Details | | Bank Fees Details | |
| Payment Mode | E-CHALLAN | Reconciliation Status | |
| Bank Reference No.: | H12141 | Journal No. | |
| Student Name | JADAV PRAVIN K | Bank Name | |
| Payment Date | 9/7/2020 | Payment Date | |
| Course Fees | 1200 | Course Fees | |

<<< EDIT DETAILS | FINAL SUBMISSION >>>

Note: UGC Letter regarding UG/PG Non-engineering MOOCs Courses to be offered on SWAYAM

**અગત્યની નોંધ :**

૧. અભ્યાસકેન્દ્રોની સહાયથી પ્રવેશફોર્મ Online ભરનાર વિદ્યાર્થીએ કોઈ શુલ્ક (રૂપિયા) અભ્યાસકેન્દ્રને આપવાના થતા નથી. અભ્યાસકેન્દ્રોને આ કાર્ય માટે અલગથી ચૂકવણું કરવામાં આવે છે.


૨. યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીના પ્રવેશફોર્મ એન્ટ્રીની વિના મૂલ્યે Online Form ભરવાની સુવિધા ઊભી કરવામાં આવેલ છે, જે માટે ઇચ્છુક વિદ્યાર્થીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, 'જ્યોતિર્મય' પરિસર, સરખેજ-ગાંધીનગર, છારોડી, અમદાવાદ ખાતે આવવાનું રહેશે.

૩. ઓનલાઈન પ્રવેશફોર્મમાં વિગતો ભરવા માટે વિદ્યાર્થીએ Mozilla/Chrome બ્રાઉઝરનો ઉપયોગ કરવાનો રહેશે.


૪. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવા બાબતે કોઈ મુશ્કેલી જણાય તો વિદ્યાર્થીએ Online Application Form ભરવામાં જો કોઈ પણ પ્રકારની ક્ષતિ જણાય તો **admission.info@baou.edu.in** ઈ-મેલ Id પર Screen Shot, Username અને Password ઈ-મેઈલ કરવો.

## વેબસાઈટ ઉપર ઉપલબ્ધ યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો વિષયક માહિતી મેળવવાનું માર્ગદર્શન

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ ઓપન કરવા માટે કોઈપણ બ્રાઉઝરના એડ્રેસબારમાં આ મુજબ હોમપેજ ઓપન થાય છે.




હોમપેજની જમણી બાજુ Student E-Corner પર ક્લિક કરી Learner Support Centresના બટન પર ક્લિક કરતા અભ્યાસકેન્દ્રો વિશેની માહિતી મળી શકશે. જેમાં કોર્સ/શહેર પસંદ કરી જે-તે સેન્ટર અંગે માહિતી મેળવી શકાય છે.




# 4. સામાન્ય નિયમો

## 4.1 પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થી સહાય સૂચનો

- **પ્રવેશપત્ર (Student Admission Letter) અને ઓળખપત્ર (I-Card) ડાઉનલોડ કરવા અંગે**

Student Admission Letter અને ઓળખપત્ર યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/post-admission પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી અભ્યાસક્રમ પૂર્ણ થયા સુધી સાચવી રાખવાનું રહેશે. આપનું ઓળખપત્ર ઓળખપત્ર ખોવાઈ જાય કે જીર્ણ થઈ જાય તો યુનિવર્સિટીની વેબસાઈટ પર Link : http://digitalbaou.baou.edu.in/BAOU-ERP/students/login.aspx થી પુન: ડાઉનલોડ કરી શકશો, જેમાં વિદ્યાર્થીઓ માટે ઓગસ્ટ-૨૦૧૭ પછીના સત્રોના ઓળખપત્રની સુવિધા ઉપલબ્ધ છે.

- **પ્રવેશ મેળવ્યા બાદ વિદ્યાર્થીને ઉપસ્થિત થતી નીચે મુજબની સમસ્યાઓના સમાધાન અંગે**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/application-form માંથી જરૂરિયાત મુજબના ફોર્મ/અરજી ડાઉનલોડ કરી વિદ્યાર્થીએ પોતાની માગ્યા મુજબની સંપૂર્ણ વિગતો ભરી યુનિવર્સિટી મુખ્ય મથક પર જરૂરી ડોક્યુમેન્ટ/વિગતો/નિયત ફી (ડી.ડી.) સાથે મોકલવાનું રહેશે.

### 4.1.1 ફી પરત કરવા બાબત :

એક વખત ભરેલ અભ્યાસક્રમ ફી સામાન્યત: પાછી આપવામાં આવશે નહીં. અસાધારણ કિસ્સા જેવા કે વિદ્યાર્થીનું મૃત્યુ અથવા અભ્યાસક્રમ બંધ થવાના કિસ્સામાં આ બાબતે અરજી કરી શકાશે. જેમાં ફીની મૂળ રકમમાંથી વ્યવસ્થા ખર્ચ પેટે રૂ.100/- બાદ કરી ચૂકવવાપાત્ર રકમ ચૂકવશે. આ માટે વિદ્યાર્થીએ/વાલીએ ફી ભર્યાના એક વર્ષની અંદર સંપૂર્ણ વિગતો અને ફીની મૂળ પાવતી (ઓરીજીનલ રીસીપ્ટ) સાથે અરજી કરવાની રહેશે.

### 4.1.2 વધુ ભરેલ નાણાં પરત મેળવવા બાબત :

કોઈપણ કારણસર કોઈ વિદ્યાર્થીએ અભ્યાસક્રમની નિયત રકમ કરતાં વધુ નાણાં ભરી દીધાં હશે તો તેવા કિસ્સામાં વધારાની રકમ ફી ભર્યાના એક વર્ષની અંદર સંપૂર્ણ વિગતો અને ફીની મૂળ પાવતી સાથે અરજી કરવાની રહેશે. પ્રવેશાર્થીએ વેબસાઈટ પર મૂકવામાં આવેલ માહિતી પુસ્તિકામાં સંબંધિત અભ્યાસક્રમ માટે દર્શાવેલી પૂરી ફી તથા લાગુ પડતા બેંક ચાર્જિસની રકમ ભરવાની રહેશે. જો પ્રવેશાર્થી અધૂરી ફી ભરશે

અથવા વધુ ફી ભરશે તો ફી પરત કરવાના કિસ્સામાં યુનિવર્સિટી વ્યવસ્થા ખર્ચ પેટે રૂ.100/- કાપીને ચૂકવવાપાત્ર રકમ ચૂકવશે.

**4.1.3 અભ્યાસકેન્દ્રની ફેરબદલી** :

કૌટુંબિક, વ્યાવસાયિક કે અન્ય કોઈપણ કારણસર સ્થળાંતર થતાં વિદ્યાર્થી પોતાનું અભ્યાસકેન્દ્ર બદલી શકશે. જે માટે તેણે નિયતપત્રકમાં નિયત ફી રૂ.100/- ભરવાની રહેશે અને નિયામક (વિદ્યાર્થીસેવાઓ)ને અરજી કરવાની રહેશે. સામાન્ય રીતે વિદ્યાર્થીની ઈચ્છાનુસાર અભ્યાસકેન્દ્ર ફેરબદલી કરી આપવામાં આવે છે, પરંતુ અભ્યાસકેન્દ્ર પર ફાળવેલ સંખ્યા અંગે કોઈ મર્યાદા હોય તો તેવા અભ્યાસક્રમોના કિસ્સામાં તેમજ જો આવા અભ્યાસકેન્દ્ર ઉપર આ અભ્યાસક્રમ કે પાઠયક્રમ ચાલતો ન હોય તો અભ્યાસકેન્દ્રની ફેરબદલી થઈ શકશે નહિ. આ બાબતે વિદ્યાર્થીની અરજીના આધારે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે વિદ્યાર્થીને માન્ય રહેશે. પરીક્ષા ટર્મ પૂર્ણ થયા બાદ અભ્યાસકેન્દ્ર બદલી શકાશે નહીં. વેબસાઈટ પર પ્રવેશયાદી જાહેર થયાના 60 દિવસ બાદ અભ્યાસકેન્દ્ર બદલી શકાશે નહીં.

**4.1.4 સરનામામાં ફેરફાર** :

વિદ્યાર્થીના નામ, સરનામા, જાતિ, અભ્યાસકેન્દ્ર, અનામતકક્ષાનો  કોડ વગેરેમાં કોઈપણ પ્રકારની ભૂલ/ક્ષતિ કે ફેરફાર હોય તો તે અંગે વેબસાઈટ પર પ્રવેશયાદી જાહેર થયાના 60 દિવસમાં યુનિવર્સિટી કાર્યાલય ખાતે અરજી કરવાની રહેશે. જે માટેની નિયત ફી રૂ.100/- ભરવાની રહેશે. (નામમાં સુધારા માટે જરૂરી આધાર પુરાવાની પ્રમાણિત નકલ તથા નિયત ફીનો ડી.ડી. બિડેલો હોવો જરૂરી છે) યુનિર્વસિટીના રેકર્ડ ઉપર જરૂરી ફેરફાર ન થાય ત્યાં સુધી જૂના સરનામે આવેલ ટપાલ/સાહિત્ય મેળવવાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

- આ ઉપરાંત પરીક્ષા તથા અન્ય બાબતો માટેની ફીની વિગત વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

### 4.2 શિષ્યવૃત્તિ બાબત

- **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગના પ્રવેશાર્થીઓ માટે** : સરકારશ્રીના નિયમાનુસાર શિષ્યવૃત્તિ મેળવવાની પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિની યોજના હેઠળ જાહેર કરેલ Digital Gujarat Portalની વેબસાઈટ www.digitalgujarat.gov.in પર સરકારશ્રીએ વખતોવખત જાહેર કરેલ સમયમર્યાદામાં શિષ્યવૃત્તિ ફોર્મ ઓનલાઈન ભરવાનું રહે છે તથા ભરેલ ફોર્મની હાર્ડ કોપી સાધનિક કાગળો સહિત યુનિવર્સિટી ખાતે નિયત સમયમર્યાદામાં જમા કરાવવાની હોય છે. જે અંગે વિગતવાર જાણકારી Link : https://baou.edu.in/assets/pdf/Digital_Gujarat_Procedure_for_Student.pdf પરથી મળી રહેશે.
- શિષ્યવૃત્તિ ફોર્મ ભરતી વખતે એડમીશન લેટર ફરજિયાત અપલોડ કરવાનો રહેશે.
- ઓનલાઈન પોર્ટલ ઉપર દર્શાવેલ શિષ્યવૃત્તિ ફોર્મ જમા કરાવવાની નિયત સમયમર્યાદા પૂર્ણ થઈ ગયા બાદ શિષ્યવૃત્તિ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

### 4.3 સ્વાધ્યાયકાર્ય બાબત :

- યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ સિવાયના અભ્યાસક્રમોમાં સતત મૂલ્યાંકન માટે નિયત કરેલ સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાના હોય છે. આ સ્વાધ્યાયકાર્ય યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/assignment થી ડાઉનલોડ કરવાના રહેશે.
- સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ પાઠયક્રમદીઠ એક-એક સ્વાધ્યાયકાર્યો Tutor Marked Assignment (TMA) તૈયાર કરવાના રહેશે.
- જે તે અભ્યાસક્રમના વિદ્યાર્થીએ Tutor Marked Assignment (TMA) સ્વાધ્યાયકાર્યોની એક નકલ પોતાની પાસે રાખી મૂળ નકલ નિયત સમયમર્યાદામાં અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવી તેની રસીદ મેળવવાની રહેશે તેમજ મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત મેળવી લેવાના રહેશે.
- દરેક વિદ્યાર્થીએ પોતાના અભ્યાસક્રમો/પાઠ્યક્રમોના (સર્ટિફિકેટ કોર્સ સિવાયના) સ્વાધ્યાયકાર્યો લખવા ફરજિયાત છે.
- દરેક સ્વાધ્યાયકાર્યોમાં પાસ થવું ફરજિયાત છે. સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ સ્વાધ્યાયકાર્ય ફરીથી લખવાનું રહેશે.
- પોતાના સ્વાધ્યાયકાર્યના ગુણ યુનિર્વસિટીની વેબસાઇટ પર જોઇ શકાશે.
- દરેક સ્વાધ્યાયકાર્યો અલગ-અલગ ફુલસ્કેપ બુકમાં તૈયાર કરવા જરૂરી છે.
- સ્વાધ્યાયકાર્યમાં જવાબ સાથે પ્રશ્ન નંબર લખવો જરૂરી છે.
- વિદ્યાર્થી જે સત્રના સ્વાધ્યાયકાર્યો લખે તેની સાથે સ્વાધ્યાયકાર્યના પ્રશ્નપત્રની નકલ અવશ્ય બીડવાની રહેશે.
- સ્વાધ્યાયકાર્યમાં આપેલ સૂચના મુજબ સ્વાધ્યાયકાર્યોના જવાબો તૈયાર કરવા.
- પાઠ્યક્રમદીઠ નિયત સ્વાધ્યાયકાર્યો પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલાં રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્ર ઉપર આપેલાં સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે વિદ્યાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે પરત મળે છે.

### 4.4 અભ્યાસ-સામગ્રી :

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણપદ્ધતિને અનુસરતી હોવાથી અભ્યાસક્રમની અભ્યાસ-સામગ્રી તૈયાર કરી વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન માટે પૂરી પાડે છે. આ અભ્યાસ-સામગ્રી યુનિવર્સિટીના કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને પ્રાદેશિક કેન્દ્ર, અભ્યાસકેન્દ્ર અથવા યુનિવર્સિટી મુખ્ય મથક પરથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. આ ઉપરાંત જે-તે અભ્યાસક્રમની અભ્યાસ-સામગ્રી યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/eresources થી સોફ્ટ કોપીમાં ઈ-મટીરિયલ સ્વરૂપે ઉપલબ્ધ છે.

### 4.5 પરામર્શનવર્ગો :

અધ્યયનમાં ઉદ્‌ભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા અભ્યાસકેન્દ્રો પર તજ્જ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે. યુનિવર્સિટી મુખ્ય મથક પર જે-તે વિષયના અધ્યાપકો ઉપલબ્ધ હોય તેમનો યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર સ્કૂલ અન્વયે તજ્જ્ઞોના ઈ-મેલથી સંપર્ક કરીને માર્ગદર્શન મેળવી શકો છો તથા યુનિવર્સિટીના મુખ્ય મથકમાં આવેલ 'ગુરુકુળ મોડલ સ્ટડી સેન્ટર'માંથી સમયપત્રક પ્રમાણે અભ્યાસક્રમ અંગેનું માર્ગદર્શન મેળવી શકો છો. આ ઉપરાંતયુનિવર્સિટીની વેબસાઈટ સ્વાધ્યાય ટી.વી. અને સ્વાધ્યાય રેડિયો અંતર્ગત તજ્જ્ઞોના વીડિયો લેક્ચર ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. આ પ્રકારે ઘણા બધા વિકલ્પો પરામર્શન કે માર્ગદર્શન મેળવવા માટે યુનિવર્સિટીમાં ઉપલબ્ધ છે. જેનો વિદ્યાર્થી પોતાની અનુકુળતાએ લાભ લઈ શકે છે.

### 4.6 સત્રાંત પરીક્ષા :

સત્રાંત પરીક્ષા વર્ષમાં બે વાર યોજવામાં આવે છે, જેનો પ્રારંભ અનુક્રમે જાન્યુઆરી અને જૂન માસમાં થાય છે. પરીક્ષાના સમયપત્રક અને પરીક્ષાને લગતી અન્ય વિગતો યોગ્ય સમયે યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/examination-student મુજબ માહિતી દર્શાવવામાં આવે છે.

#### 4.6.1 પરીક્ષા કેન્દ્ર :

સામાન્ય રીતે વિદ્યાર્થીનું અભ્યાસકેન્દ્ર અથવા નજીકનું પરીક્ષા કેન્દ્ર વિદ્યાર્થીને ફાળવવામાં આવશે. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા જે-તે સમયે પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

#### 4.6.2 સત્રાંત પરીક્ષામાં બેસવા માટે :

- નોંધણી પછી અભ્યાસક્રમનો લઘુત્તમગાળો પૂર્ણ થયેલ હોવો જોઈએ.
- નિયત સ્વાધ્યાયકાર્યો નિશ્ચિત થયેલ સમયમર્યાદામાં રજૂ કરેલ હોવા જોઈએ.
- પરીક્ષા ફોર્મ નિયત સમયમર્યાદામાં ભરેલું હોવું જોઈએ.
- વિદ્યાર્થીએ પરીક્ષા આપેલ હોય પરંતુ તેનું પરિણામ ન આવ્યું હોય તો પણ આપને સલાહ છે કે, પરિણામની રાહ જોયા સિવાય આપેલ પરીક્ષાના પાઠયક્રમ સહિત પરીક્ષા ફોર્મ સમયસર ભરી દેવું. જેથી પરીક્ષા ફોર્મ ભરવાનું રહી જાય નહિ અથવા લેટ ફી ભરવી પડે નહિ. વિદ્યાર્થીઓ માટે પરીક્ષાફોર્મ વેબસાઈટ પર જે-તે સમયે ઉપલબ્ધ રહેશે. વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર સંપર્ક કરવાનો રહેશે.

#### 4.6.3 B.A./B.Com. અભ્યાસક્રમ માટે :

(a) પરીક્ષા અંગે 1 થી 5 વર્ષ દરમ્યાન પરીક્ષા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

6 થી 8 વર્ષ (૩વર્ષ) દરમ્યાન પરીક્ષા આપનાર પ્રમોટી વિદ્યાર્થીઓએ પ્રતિ વિષય રૂ.500/- પરીક્ષા ફી પેટે ચૂકવવાના રહેશે.

(b) પુનઃનોંધણી (રી-એડમીશન) : અભ્યાસક્રમની મહત્તમ સમયમર્યાદા 8 વર્ષ પૂર્ણ થયા બાદના 2 વર્ષના સમયગાળામાં પુનઃનોંધણી કરાવી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. જે માટે વિષય દીઠ ફી રૂ.800/- તથા નોંધણી ફી રૂ.100/- ચૂકવવાના રહેશે.

**4.6.4 અનુસ્નાતક અભ્યાસક્રમ (માસ્ટર ડિગ્રી પ્રોગ્રામ) માટે :**

(a) પરીક્ષા અંગે : 1 થી 4 વર્ષ દરમ્યાન પરીક્ષા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

5 થી 6 વર્ષ (2 વર્ષ) દરમ્યાન પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ પ્રતિ વિષય રૂ.500/- પરીક્ષા ફી પેટે ચૂકવવાના રહેશે.

(b) પુનઃનોંધણી (રી-એડમીશન) : અભ્યાસક્રમની મહત્તમ સમયમર્યાદા 6 વર્ષ પૂર્ણ થયા બાદના 2 વર્ષના સમયગાળામાં પુનઃનોંધણી કરાવી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. જે માટે વિષય દીઠ ફી રૂ.800/- તથા નોંધણી ફી રૂ.100/- ચૂકવવાના રહેશે.

**4.6.5 બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (BLIS) અભ્યાસક્રમ માટે :**

(a) પરીક્ષા અંગે : 1 થી 2 વર્ષ દરમ્યાન પરીક્ષા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

3 થી 4 (2 વર્ષ) વર્ષ દરમ્યાન પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ પ્રતિ વિષય રૂ.500/- પરીક્ષા ફી પેટે ચૂકવવાના રહેશે.

(b) પુનઃનોંધણી (રી-એડમીશન) : અભ્યાસક્રમની મહત્તમ સમયમર્યાદા 4 વર્ષ પૂર્ણ થયા બાદના 1 વર્ષના સમયગાળામાં પુનઃનોંધણી કરાવી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. જે માટે વિષય દીઠ ફી રૂ.800/- તથા નોંધણી ફી રૂ.100/- ચૂકવવાના રહેશે.

**4.6.6 માસ્ટર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સ (MLIS) અભ્યાસક્રમ માટે :**

(a) પરીક્ષા અંગે : 1 થી 2 વર્ષ દરમ્યાન પરીક્ષા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

3 થી 4 (2 વર્ષ) વર્ષ દરમ્યાન પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ પ્રતિ વિષય રૂ.500/- પરીક્ષા ફી પેટે ચૂકવવાના રહેશે.

(b) પુનઃનોંધણી (રી-એડમીશન) : અભ્યાસક્રમની મહત્તમ સમયમર્યાદા 4 વર્ષ પૂર્ણ થયા બાદના 1 વર્ષના સમયગાળામાં પુનઃનોંધણી કરાવી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. જે માટે વિષય દીઠ ફી રૂ.800/- તથા નોંધણી ફી રૂ.100/- ચૂકવવાના રહેશે.

**4.6.7 ડિપ્લોમા અભ્યાસક્રમ માટે :**

(a) પરીક્ષા અંગે : 1 થી 2 વર્ષ દરમ્યાન પરીક્ષા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

3 થી 4 (2 વર્ષ) વર્ષ દરમ્યાન પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ પ્રતિ વિષય રૂ.500/- પરીક્ષા ફી પેટે ચૂકવવાના રહેશે.

(b) પુનઃનોંધણી (રી-એડમીશન) : અભ્યાસક્રમની મહત્તમ સમયમર્યાદા 4 વર્ષ પૂર્ણ થયા બાદના 1 વર્ષના સમયગાળામાં પુનઃનોંધણી કરાવી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. જે માટે વિષય દીઠ ફી રૂ.800/- તથા નોંધણી ફી રૂ.100/- ચૂકવવાના રહેશે.

**4.6.8 પ્રમાણપત્ર/સર્ટિફિકેટ અભ્યાસક્રમ માટે :**

(a) પરીક્ષા અંગે : બે સત્ર (ટર્મ) દરમ્યાન પરીક્ષા માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.
ત્યારબાદના બે સત્રો (ટર્મ) દરમ્યાન પરીક્ષા આપનાર પરીક્ષાર્થીએ પ્રતિ વિષય રૂા.500/- પરીક્ષા ફી પેટે ચૂકવવાના રહેશે.

(b) પુનઃનોંધણી (રી-એડમીશન) : અભ્યાસક્રમની મહત્તમ સમયમર્યાદા 2 વર્ષ (4 ટર્મ) પૂર્ણ થયા બાદના છ માસ (એક સત્ર/ટર્મ)ના સમયગાળામાં પુનઃનોંધણી કરાવી અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો રહેશે. જે માટે વિષય દીઠ ફી રૂા.800/- તથા નોંધણી ફી રૂા.100/- ચૂકવવાના રહેશે.

### 4.7 કાયદાકીય કાર્યવાહી માટે અમદાવાદ ન્યાયતંત્ર રહેશે.

### 4.8 યુનિવર્સિટીના વિવિધ સેલ અને સમિતિઓ Link : https://baou.edu.in/cells-and-committees

- એન્ટી રેગીન્સ કમિટી
- ગ્રીવન્સ રીએડ્રેસીસ સેલ
- વુમન્સ ડેવલપમેન્ટ સેલ (WDC)
- એસસી/એસટી સેલ

### 4.9 વિદ્યાર્થી દ્વારા સંપર્ક :

વિદ્યાર્થીએ પોતાના અભ્યાસને લગતી કોઈપણ બાબત અંગેનો તમામ પત્રવ્યવહાર પોતાનું પૂરું નામ, સરનામું, નોંધણી નંબર, અભ્યાસકેન્દ્રના નામ-સરનામા સાથે યુનિવર્સિટી કાર્યાલય મુખ્ય મથકના સરનામે મોકલવાનું રહેશે. પ્રવેશ, અભ્યાસસામગ્રી, સ્વાધ્યાયકાર્યો અને પરીક્ષાને લગતો પત્રવ્યવહાર અલગ-અલગ પત્રથી અથવા યુનિવર્સિટીની વેબસાઈટ www.baou.edu.in પર Link : https://baou.edu.in/contact ને અનુસરી આપેલ સંપર્કના માધ્યમે આપની સમસ્યાઓ ઈ-મેલ દ્વારા રજૂ કરવાની રહેશે.